COVID-19 ના દર્દીઓની સારવાર માટે એસિક જનરલ હોસ્પિટલ, અંકલેશ્વર (કુલ ૧૦૦ પથારીઓ) સ્પેશ્યલાઈઝડ હોસ્પિટલ તરીકે ડેઝિગ્નેટ કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક: એનસેવી-૧૦૨૦૨૦-એસ.એફ.એસ-૦૧-ગ (પા.ફા.-૪)
સચિવાલય, ગાંધીનગર.

તા. 29 JUN 2020

વંચાણે લીધોઃ-
૧. કલેક્ટરશ્રી, ભરૂચનો તા.૨૧/03/૨૦૨૦ નો પત્ર.
૨. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩/03/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંકઃ એનસી.વી.-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧-ગ.
3. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૧૫/૦૫/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંકઃ એનસી.વી.-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧-ગ.(પા.ફા-૪)

**આમુખ:-**

કોરોના વાયરસ કોવિડ-૧૯ ની અસરોને પહોંચી વળવા તેમજ રોગ અટકાયત અને નિયંત્રણની કામગીરી કાયદાકીય રીતે ત્વરિત હાથ ધરી શકાય તે હેતુસર એપેડેમિક ડીસીઝ એકટ, ૧૮૯૭ અન્વયે આ વિભાગના ક્રમાંકઃએનસી.વી.-૧૦૨૦૨૦-એસ.એફ.એસ.૧ તા.૧૩.3.૨૦૨૦ ના જાહેરનામાથી રાજયમાં ધ ગુજરાત એપેડેમિક રેગ્યુલેશન, ૨૦૨૦ લાગુ કરવામાં આવેલ છે.

રાજયમાં કોરોના વાઈરસની મહામારીને પ્રસરતી અટકાવવા માટે COVID-19ના દર્દીઓની સારવારને પહોંચી વળવા આગોતરા પગલારૂપે વંચાણે લીધા ક્રમાંકઃ3 થી મોડેલ હોસ્પિટલ, કામદાર રાજ્ય વિમા નિગમ, બાપુનગર અમદાવાદને COVID-19 માટે સ્પેશ્યલાઇઝડ હોસ્પિટલ તરીકે ડેઝિગ્નેટ કરવામાં આવેલ છે.

અંકલેશ્વર ખાતે COVID 19 માટે વધુ બેડની જરૂરિયાત હોવાથી એસિક જનરલ હોસ્પિટલ, અંકલેશ્વર ખાતે ની ૧૦૦ બેડ ની હોસ્પિટલ ને COVID-19 તરીકે ડેઝિગ્નેટ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે રાજયમાં કોરોના વાઈરસની મહામારીને પ્રસરતી અટકાવવા માટે આવનારા દિવસોમાં COVID-19ના દર્દીઓની સારવારને પહોંચી વળવા આગોતરા પગલારૂપે એસિક જનરલ હોસ્પિટલ,અંકલેશ્વરને COVID-19 માટે સ્પેશ્યલાઇઝડ હોસ્પિટલ તરીકે નીચે મુજબની શરતોને આધિન ડેઝિગ્નેટ કરવામાં આવે છે.

(૧) આ હોસ્પિટલમાં ભારત સરકારની વખતોવખતની ગાઇડલાઇન, સૂચનાઓ, માર્ગદર્શિકાઓ મુજબ સારવાર કરવાની રહેશે.

(૨) સદરહુ હોસ્પિટલ કોવિડ-૧૯ અંતર્ગત ભારત સરકાર અને રાજય સરકાર ધ્વારા વખતો વખત જે માર્ગદર્શિકા/સુચનાઓ આપવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે.

(3) PPE કીટ તથા અન્ય જરૂરી સામગ્રી GMSCL ના માધ્યમ થી ઉપલબ્ધ થાય તે પ્રકારની વ્યવસ્થા કરવાની રહેશે.

(૪) ગાઇડલાઇનની સુવિધા મુજબની જરૂરી સારવાર બાદ સરકારશ્રીના વખતો વખત ચેકલિસ્ટ મુજબ તેની વિગતો રોજે-રોજ અચૂક સલંઘિત અધિકારીશ્રીને પુરી પાડવાની રહેશે.

(૫) સદરહુ હોસ્પિટલમાં અન્ય રોગનાં દર્દીઓની સારવારને અસર ન થાય તેની કાળજી રાખવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સક્ષમ કક્ષાએથી મળેલ સંમત્તિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે..

(આઇ.એમ.કુરેશી)
સંયુક્ત સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન, મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન, રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મિશન ડાયરેકટરશ્રી, નેશનલ હેલ્થ મિશન, કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી(તબીબી સેવાઓ)/ અધિક નિયામકશ્રી(આરોગ્ય)/ અધિક નિયામકશ્રી(તબીબી શિક્ષણ) કમિશ્નરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓની કચેરી, ૫, જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડાયરેકટરશ્રી, જી.એમ.એસ.સી.એલ., ગાંધીનગર.
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- સંબંધિત સર્વે હોસ્પિટલના મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રીઓ / સંબંધિત સર્વે અધિક્ષકશ્રીઓ
- અધિક્ષકશ્રી, મોડલ હોસ્પિટલ, બાપુનગર, અમદાવાદ.
- અધિક્ષકશ્રી, જનરલ હોસ્પિટલ, 500 ક્વાર્ટર્સ પાસે, અંકલેશ્વર, જિ.ભરૂચ.
- પ્રાદેશિક નિયામક, કામદાર રાજ્ય વિમા નિગમ, પંચદીપ ભવન, અમદાવાદ.
- નિયામકશ્રી, કામદાર રાજ્ય વિમા નિગમ, આશ્રમ રોડ, અમદાવાદ.
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ અને રાજકોટ
- સંબંધિત સર્વે હિસાબી / તિજોરી અધિકારીશ્રીઓ
- નાયબ સેકશન અધિકારીશ્રી, સીલેકટર ફાઇલ
- સિલેક્ટ ફાઇલ.